'અચાનક CM બદલાયા તે મારા ઉપર બોમ્બ પડવા જેવું હતું' -નિલ વિજ

ચંદીગઢ,

હરિયાણામાં જનનાયક જનતા પાર્ટી સાથે ગઠબંધન તૂટ્યા બાદ નાયબ સિંહ સૈનીના સીએમ બનવાથી પૂર્વ ગૃહમંત્રી અનિલ વીજ નારાજ છે. તેમણે મંગળવારે કહ્યું હતું કે રાજ્યના નેતૃત્વમાં ફેરફાર અંગે તેમને અગાઉથી કોઈ સૂચના નહોતી. જ્યારે ધારાસભ્ય દળની બેઠકમાં આ નિર્ણય સંભળાવવામાં આવ્યો ત્યારે તે મારા ઉપર બોમ્બ પડવા જેવું હતું. કેબિનેટમાં સામેલ થવાની ઈચ્છા અંગે વિજે કહ્યું કે આ એક હાઈપોથેટિકલ સવાલ છે. સૂત્રોનું કહેવું છે કે, કેન્દ્રીય નેતૃત્વના પણ ઘણા નેતાઓએ વિજને મનાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેઓ ન માન્યા. તેઓ આજે કેબિનેટ વિસ્તરણમાં પણ સામેલ નહોતા થયા. જો કે, આ અગાઉ ૧૨માર્ચે જ્યારે ખટ્ટરના રાજીનામા બાદ સૈની રાજ્યના નવા મુખ્યમંત્રી બન્યા ત્યારે વિજનું નામ પણ મંત્રીઓની યાદીમાં હતું.

અનિલ વિજ મંગળવારે બપોરે અંબાલા કેન્ટ નિવાસ સ્થાનથી ચંદીગઢ સ્થિત હરિયાણા વિધાનસભા પહોંચ્યા હતા. અહીં મીડિયા સાથે સંબોધન બાદ તેઓ સીધા સ્પીકર જ્ઞાનચંદ ગુપ્તાની ઓફિસ ગયા હતા. સ્પીકર ત્યાં સુધી કાર્યાલયમાં નહોતા આવ્યા. વિજે તેમને ફોન કરીને જાણ કરી અને થોડી વાર પછી સ્પીકર પણ આવી ગયા. વિજ 12 માર્ચથી જ નારાજ ચાલી રહ્યા છે. આ ઘટના બાદ વિજ્ વખત સ્પીકર જ્ઞાનચંદ ગુપ્તાને ફોન કરીને તેમને વિધાનસભાની કમિટીઓમાં સભ્ય તરીકે સામેલ કરવાનો આગ્રહ કરી ચૂક્યા છે. સ્પીકરે હજુ સુધી તેમને કોઈ પણ કમિટીમાં સામેલ નથી કર્યા. આ જ કારણોસર તેઓ મંગળવારે સ્પીકરને મળવા વિધાનસભા પહોંચ્યા હતા. અહીં બંને નેતાઓએ ચા પીધી અને વાતચીત કરી હતી. માનવામાં આવી રહ્યું છે કે હવે વિજને વિધાનસભાની કમિટીઓમાં સામેલ કરવામાં આવશે.

વિજે કહ્યું કે તેમણે સ્પીકરને આગ્રહ કર્યો છે કે મને વિધાનસભાની કમિટીઓમાં સામેલ કરો. ત્યારબાદ હું દર મંગળવાર અને બુધવારે કમિટીની બેઠકમાં સામેલ થવા માટે ચંદીગઢ આવીતો રહીશ. વિધાનસભાની કમિટીઓમાં સામેલ થયા બાદ જ આવવા-જવાનો રસ્તો મળશે. મીટિંગમાં આવવા પર TA-DA તો મળશે. નહીંતર મારી તો મૂવમેન્ટ જ બંધ થઈ જશે. સ્પીકર સાથે મુલાકાત પહેલા વાતચીતમાં વિજે કહ્યું કે તેમને કેબિનેટ વિસ્તરણ અંગે કોઈ સૂચના નથી. મુખ્યમંત્રીના બદલાવ અને સરકારમાં ફેરફારને લઈને તેમની નારાજગી અંગેના સવાલ પર વિજે કહ્યું કે, હું નારાજ નથી. હું ભાજપનો અનન્ય ભક્ત છું અને હવે પહેલા કરતા પણ વધુ પાર્ટી માટે કામ કરીશ. હું નારાજ નથી થતો. હું સ્પષ્ટવાદી છું.

મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીએ મંગળવારે પંચકુલામાં નાડા સાહિબ ગુરુદ્વારામાં માથુ ટેકવ્યા બાદ બાય-રોડ ઘરૌંડા પહોંચ્યા હતા. અંબાલામાં નાયબ સૈનીનો રોડ-શો કાર્યક્રમ હતો. વિજ તેમાં નહોતા પહોંચ્યા. એવી ચર્ચા હતી કે મુખ્યમંત્રી અંબાલામાં પૂર્વ ગૃહમંત્રી અનિલ વિજ સાથે મુલાકાત કરવા તેમના ઘરે પણ જઈ શકે છે પરંતુ મુખ્યમંત્રી સીધા જ ઘરૌંડા પહોંચ્યા. વિજે આ સવાલ પર કહ્યું કે, મારી મુખ્યમંત્રી સાથે કોઈ વાત નથી થઈ. હું ઘરે જ હતો. જો તેઓ આવ્યા હોત, તો મેં તેમને ચા પીવડાવી હોત. માનવામાં આવી રહ્યું છે કે કેન્દ્રીય નેતૃત્વના પ્રયાસોનું પણ જ્યારે કોઈ પરિણામ ન આવ્યું ત્યારે સરકારે વિજ વગર જ કેબિનેટ વિસ્તરણ કરી દીધું.

વડોદરાના ફાજલપુર ગામે મકાનમાંથી જુગાર રમતા ૧૦ જુગારીઓ ઝડપાયાં

વડોદરા,

વડોદરાના ફાજલપુર ગામે મકાનમાં ચાલતા જુગારધામ પર નંદેસરી પોલીસ રેડ કરીને ૧૦ ખેલીઓને ઝડપી પાડ્યા હતા. જુગીરાઓની અંજડતી તથા દાવ પર લાગેલી રોકડ અને ૬ મોબાઈલ મળી ૪૭ હજારનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

વડોદરા જિલ્લાના ફાજલપુર ગામે પોસ્ટ ઓફિસવાળા ફળિયામાં રહેતા રમણભાઈ ઉદેસિંહ પઢીયાર પોતાના મકાનમાં બહારથી માણસો બોલાવીને જુગાર રમાડે છે. તેવી બાતમી વિસ્તારમાં પેટ્રોલિંગમાં રી રહેલી નંદેસરી પોલીસને મળી હતી. જેના આધારે પોલીસના માણસોએ બાતમી મુજબના મકાનમાં રેડ કરતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી.

કનુ કલસરિયાના સૂર બદલાયા, હવે કહ્યું- 'જો મને ચૂંટણી લડાવશે તો જ ભાજપમાં જોડાઈશ'



ભાવનગર,

લોકસભાની ચૂંટણી પહેલા પક્ષપલટાની સીઝન ચાલી રહી છે. ભાજપનો ભરતી મેળો ચાલી રહ્યો છે, ત્યારે ભાવનગરના મહુવાના પૂર્વ ધારાસભ્ય કનુ કલસરિયાને જોડવાના ભરપૂર પ્રયાસ કરાઈ રહ્યા છે.

એક સમયના જાયન્ટ કિલર નેતા તરીકેની છાપ ધરાવતા કનુ કલસરિયા ભાજપમાં જોડાશે કે નહીં તે હજુ સુધી સ્પષ્ટ નથી થઈ રહ્યું. કારણ કે હવે કનુ કલસરિયાના સૂર બદલાયા છે. પહેલા કહ્યું હતું કે ભાજપમાં નહીં જોડાઉં. ત્યારબાદ હવે તેઓ કહી રહ્યા છે કે જો મને ચૂંટણી લડાવશે તો જ ભાજપમાં જોડાઈશ.

કનુ કલસરિયાએ વધુ એક નિવેદન આપ્યું છે કે, 'આમ તો એક વાત જગજાહેર થઈ ગઈ છે કે પક્ષ વિના કોઈ કામ નથી થતા. આમ તો હુ પક્ષ વિના જ લોક કલ્યાણના કામ તો જોડાયેલો છું છતા ચાહકવર્ગના લોકો કહ્યા કરે છે કે તમે કોઈ સત્તા પર હોય તેવી પાર્ટીમાં હોવ તો લોકોના ઘણા કલ્યાણના કામો થાય. એમ નેમ આવવાથી તો શું ? એમ નેમ તો હું ખેડૂતોના કલ્યાણના ઘણા કામો કરુ જ છું. પણ એક વાત છે કે અતિશય આગ્રહ થયો ત્યારે તેને ફેસ ન કરી શક્યો. જો તેઓ મને લડાવતા હોય તો હું ચોક્કસ વિચારીશ. હવે તે આખરે પાર્ટીને આધિન છે. મારી કોઈ ઈચ્છા નથી કે મારે સત્તાની સાથે ચોંટેલા રહેવું. જો આપણને એવું પદ આપતા હોય તો સ્થાનિક લોકોના કામો સરળતાથી પાર પાડી શકાય. લોક કલ્યાણ અને ગરીબ કલ્યાણના કામોમાં ખુબ યોગદાન આપી શકીએ.'

ગઈકાલે તેમના ભાજપમાં જોડાવાની અટકળો પર પૂર્ણવિરામ લાગૂ ચૂક્યો હતો. ભાવનગરના એક કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે, હાલ કોઈપણ પાર્ટીમાં જોડાવાની ઈચ્છા નથી. ભાજપમાં જોડાવા માટે મારું મન માનતું નથી. મારી ખેડૂતોના પ્રશ્નો માટેની લડાઈ ચાલુ રહેશે. પરંતુ હવે અચાનક તેમના સૂર બદલાયા છે. કનુ કલસરિયાનું કહેવું છે કે કોઈ જગ્યાએથી ચૂંટણી લડાવે તો ભાજપમાં જોડાઈશ.

૬ માર્ચના રોજ સી.આર. પાટીલે મહુવામાં કનુ કલસરિયા સાથે સદ્ભાવના હોસ્પિટલમાં બંધબારણે મુલાકાત કરી હતી.

બંધબારણે થયેલી આ બેઠકમાં આહિર સમાજના આગેવાનો પણ પહોંચ્યા હતા. લોકસાહિત્યકાર માયાભાઈ આહિર પણ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. સી.આર. પાટીલે કનુ કલસરિયાના નિવાસસ્થાને ભોજન પણ લીધું હતું. પાટીલે કનુ કલસરિયાને ભાજપમાં જોડાવા માટે આમંત્રણ આપ્યું હતું.

થોડા દિવસ પહેલા જ સૌરાષ્ટ્રના કોંગ્રેસના ધારાસભ્ય અર્જુન મોઢવાડીયા, પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર અને અરવિંદ લાડાણી કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાઈ ગયા હતા.

ત્યારબાદ સી.આર. પાટીલે કનુ કલસરિયા સાથે મુલાકાત કરતા એવી ચર્ચાએ જોર પકડ્યું હતું કે કનુ કલસરિયા ફરી ભાજપમાં જોડાઈ રહ્યા છે.

વડોદરામાં હોળી-ધુળેટી પહેલા મસાલા, ધાણી, ચણા, ખજૂર, હારડા, સેવ વગેરેનું ચેકિંગ શરૂ

હોળી ધુળેટીના તહેવાર આડે ત્રણ દિવસ બાકી છે, ત્યારે ચેકિંગ વધુ સઘન કરાશે

વડોદરા,

હોળી ધુળેટીનું પર્વ નજીકમાં છે અને બીજી બાજુ મસાલાની સિઝન પણ ચાલુ થઈ ચૂકી છે, ત્યારે વડોદરા કોર્પોરેશન દ્વારા મસાલાનું અને ધાણી, ચણા, ખજૂર, હારડા, સેવ વગેરેનું ચેકિંગ શરૂ કરી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

હાલ બજારમાં વિવિધ સ્થળોએ મસાલાના સ્ટોર લાગેલા છે, તેમજ દુકાનોમાં પણ રેડીમેડ મસાલા વેચાઈ રહ્યા છે. આ મસાલાની ગુણવત્તા કેવી છે તેમાં કશું ભેળવેલું છે કે કેમ તે સંદર્ભે ફૂડ સેફ્ટી ઓફિસરો તપાસ માટે વિવિધ વોર્ડમાં કામે લાગ્યા છે. જોકે આ રૂટિન કામગીરી બતાવવામાં આવી રહી છે. દર વર્ષની માફક હોળી ધૂળેટીના તહેવારો પૂર્વે બજારમાં ધાણી, ચણા, ખજૂર, હારડા, સેવ વગેરેનું વેચાણ શરૂ થાય ત્યારે કોર્પોરેશન દ્વારા ચેકિંગ કરવામાં આવે છે. ચણાને પીળા બનાવવા માટે હળદરને બદલે કૃત્રિમ રંગ નાખેલો છે કે કેમ, હારડામાં સેકરીનનો વપરાશ થયો છે કે કેમ, ઉપરાંત ધાણી અને સેવ બનાવવા રો-મટીરીયલ કઈ ક્વોલિટીનું છે તે અંગે પણ ચેકિંગ ચાલુ કરવામાં આવ્યું છે, અને નમુના લેવાઈ રહ્યા છે. જે તપાસ માટે લેબોરેટરીમાં મોકલી દેવામાં આવે છે. હોળીના તહેવાર આડે ત્રણ ચાર દિવસ બાકી રહ્યા છે જેથી ચેકિંગની કામગીરી હજી વધુ સઘન થશે તેમ જાણવા મળ્યું છે.

વડોદરામાં લોકસભાના ઉમેદવાર રંજનબેન ભટ્ટ વિરુદ્ધ બેનર લગાડનાર કોંગ્રેસના કાર્યકર્તાની CCTV ફૂટેજ આધારે અટકાયત



વડોદરા,

લોકસભા વડોદરા બેઠક ઉપર ભાજપ દ્વારા સતત ત્રીજી વખત સાંસદ રંજનબહેન ભટ્ટને વડોદરા બેઠક માટે રિપીટ કરવામાં આવતા ભાજપમાં જૂથવાદ ફરી એકવાર જાહેરમાં આવ્યો છે.

જેઓને ટિકિટ મળી નથી તેવા અસંતુષ્ટ વ્યક્તિઓ અને તેમના ટેકેદારો દ્વારા સોશિયલ મીડિયા પર મેસેજો ફરતા કર્યા બાદ મોડી રાત્રે ઉમેદવાર વિરુદ્ધ ચાર પાંચ બેનરો લગાડતા તાત્કાલિક સવારે ઉતારી દેવામાં આવ્યા હતા અને હવે આ બેનરો કોણે લગાડ્યા છે તેની તપાસ ચૂંટણી પંચ અને પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

લોકસભા વડોદરા બેઠક ઉપર ભાજપ દ્વારા મોટાભાગના ભાજપ હોદ્દેદારો-કાર્યકરોના વિરોધ વચ્ચે સાંસદ રંજનબહેન ભટ્ટને ત્રીજી વખત રિપીટી કરતા જ ભાજપમાં આંતરિક જૂથવાદ હેઠળ તેમની સામે નારાજગીની શરૂઆત કરવામાં આવી છે.

લોકસભાના ઉમેદવાર અને સાંસદ રંજનબેન ભટ્ટ વિરુદ્ધ મોડી રાત્રી દરમિયાન કારેલીબાગ વિસ્તારમાં પાંચ થી છ જગ્યાએ બેનર લગાવવામાં આવ્યા હતા. તેના સીસીટીવી ફૂટેજ મેળવીને પોલીસે તપાસ હાથ ધરતા એક વ્યક્તિની અટકાયત કરી છે. જે કોંગ્રેસનો કાર્યકર હોવાનું જાણવા મળે છે તેની પોલીસે પૂછપરછ હાથ ધરી છે.

લોકસભાના વડોદરા બેઠકના ઉમેદવાર વિરુદ્ધ કારેલીબાગ વિસ્તારની ગાંધીપાર્ક અને જાગૃતિ સોસાયટી પાસે ટેમ્પોમાં બેનર લઈને બે યુવક આવતા હતા અને તેઓએ જ જાતે બેનર લગાવતા સીસીટીવી ફૂટેજ આવ્યા સામે આવ્યા છે. જે આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી જેમાં એક શંકાસ્પદ વ્યક્તિની અટકાયત થઈ હતી અને તે કોંગ્રેસનો કાર્યકર હોવાનું બહાર આવ્યું છે. અન્ય બે બાઈક સવાર યુવાનો પણ તેમની સાથે હોવાનું પણ જાણવા મળે છે.

અમદાવાદમાં મુંબઈ-દિલ્હી જેવો કડક કાયદો! ૩૦થી વધુ બાબતો માટે ફટકારાશે ઈ-મેમો

સી.સી.ટી.વી.કેમેરાથી પોલીસ-મ્યુનિ.ના નિયમભંગ બદલ કાર્યવાહી કરાશે

અમદાવાદ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેકનોલોજીનો ઉપયોગ કરીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખાસ પ્રકારનું સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યુ છે. પાંચ હજારથી વધુ સી.સી.ટી.વી.કેમેરાની મદદથી પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશનની મળી ત્રીસથી વધુ બાબતના નિયમભંગ બદલ ઈ-મેમો આપવામાં આવશે. આગામી બે મહિનામાં અમલ કરવાની દિશામાં ચક્રો ગતિમાન કરાયા છે.

અમદાવાદમાં હવે ટ્રાફિક કે મ્યુનિસિપલ કોર્પોરેશનના કોઈ નિયમની અવગણના કરવી આવનારા સમયમાં લોકો માટે ભારે પડી જશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજીની મદદથી તૈયાર કરવામા આવેલા ખાસ પ્રકારના સોફ્ટવેર સાથે વિવિધ વિસ્તારમાં લગાવવામા આવેલી સી.સી.ટી.વી.કેમેરાને કંટ્રોલરુમ સાથે જોડી દેવામાં આવશે.

જેથી નિયમનો ભંગ કરનારા પકડાઈ જશે. નિયમભંગ કરવા બદલ પકડાયેલા લોકોને ઈ-મેમો આપવામાં આવશે. હવેથી પોલીસ અને અમદાવાદ મનપા બન્ને તમારી હરકતો પર નજર રાખશે. AI એટલે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું છે. જેના આધારે તમારી દરેક ગતિવિધિ પર અમદાવાદ પોલીસ નજર રાખશે. એટલું જ નહીં બીજી તરફ અમદાવાદ મહાનગર પાલિકાનું તંત્ર પણ તમારી બધી હરકત તમારી દરેક મૂવમેન્ટ પર વોચ રાખશે. શહેરમાં જગ્યા જગ્યાએ લગાવવામાં આવેલાં સીસીટીવી કેમેરાની મદદથી આ વોચ રાખવામાં આવશે.

કઈ-કઈ બાબત માટે ઈ-મેમો આપવામાં આવશે?

- રેડ સિગ્નલનો ભંગ કરવો - ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ - સીટ બેલ્ટ કે હેલ્મેટ વગર મુસાફરી કરવી - ત્રણ સવારી મુસાફરી કરવી - દિવસ દરમિયાન ભારે વાહનોની અવરજવર - નો પાર્કિંગ ઝોનમાં પાર્કિંગ કરવુ

-બી.આર.ટી.એસ.કોરિડોરમાં વાહન ચલાવવુ - જાહેર રસ્તા ઉપર થૂંકનારાને દંડ કરાશે - જાહેર રોડ ઉપર રખડતા પશુ ને લઈ - જાહેર રોડ ઉપર કચરો નાંખવો - ભારે વાહન દ્વારા મટીરીયલ કવર કર્યા વગર લઈ જવુ

સુરત પાલિકાની બાકી વ્યાજ માફી યોજનાને સારો પ્રતિસાદ

સુરત, સુરત મહાનગરપાલિકાએ વર્ષો જુના બાકી વેરાની વસુલાત માટે વ્યાજ માફી યોજના જાહેર કરી છે તેને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. સુરત પાલિકાએ ૩૧ માર્ચ ૨૦૨૩ સુધી બાકી વેરાની વસુલાત માટે વ્યાજ માફી યોજના જાહેર કરી હતી. વ્યાજ માફીની આ યોજના દરમિયાન પાલિકાએ ૮ ફેબ્રુઆરી ૨૦૨૪ થી ૧૫ માર્ચ ૨૦૨૪ સુધીમાં બાકી વેરા પેટે પાલિકાની તિજોરીમાં ૧૪૦.૬૫ કરોડ જમા થઈ ગયા છે. સુરત પાલિકા વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષોથી પાલિકા વિસ્તારમાં બાકી મિલકત વેરાની રકમ વધીને ૩૫૭ કરોડ થઈ ગઈ છે. પાલિકા વેરો બાકી હોય તો ૧૮ ટકા વ્યાજ સાથે વસુલતી હોવાથી લાંબા સમયથી બાકી રકમ અને વ્યાજ સાથે મળીને આ રકમ ૫૭૭ કરોડ પર પહોંચી ગઈ છે.

રાજકોટમાં ઢોરનો ત્રાસ ઘટયો પણ શ્વાનોનો ત્રાસ એટલો જ, શહેરમાં ૩૦૦૦૦થી વધુ શ્વાનો

રાજકોટ,

રોજ દેશમાં ૭૫૦૦, ગુજરાતમાં ૬૬૦ અને રાજકોટમાં ૩૦ લોકોને રખડુ શ્વાનો બટકા ભરી લે છે જેઓએ અસાધ્ય અને જીવલેણ અને આજે પણ અતિભયાનક એવા હડકવાના રોગથી બચવા માટે ઈન્જેક્શનો લેવા પડે છે. રાજકોટના ઢોર ત્રાસ નિવારણ વિભાગે જણાવ્યું કે જ્યારે સીઝન બદલાય ત્યારે શ્વાનો કરડવાના બનાવો વધુ બને છે અને તેનું કારણ એ છે કે હાલ શિયાળા પછી ઉનાળો શરુ થયો ત્યારે ઋતુ પરિવર્તનમાં શેરી શ્વાનો સ્ટ્રેસ,તણાવ અનુભવતા હોય છે જે કારણે તેઓ લોકોને દૂશ્મન ગણીને વધુ કરડતા હોય છે.

દેશમાં ઈ.સ.૨૦૨૨માં ૨૧.૮ લાખ અને ગત વર્ષ ઈ.૨૦૨૩માં ૨૭.૫૦ લાખ લોકોને રખડતા શ્વાનો કરડી ગયા હતા જ્યારે ગુજરાતમાં ગત વર્ષે ૨.૪૨ લાખ લોકોને શ્વાન કરડયા હતા. કૂતરાના ત્રાસ મુદ્દે ગુજરાત દેશમાં મહારાષ્ટ્ર,તમિલનાડુ પછી ત્રીજા નંબરે છે.

રાજકોટમાં આરોગ્ય અધિકારી ડો.જયેશ વંકાણીએ જણાવ્યું કે ગત ડિસેમ્બર-૨૩માં ૫૯૩, જાન્યુઆરીમાં ૬૧૨ અને ફેબ્રુઆરીમાં ૪૯૭ લોકોને રખડતા શ્વાનો કરડતા આ ત્રણ માસમાં કૂલ ૧૭૦૨ નાગરિકોને મનપા સંચાલિત ૨૩ આરોગ્ય કેન્દ્રો પરથી વિનામૂલ્યે હડકવા વિરોધી રસી મુકવામાં આવી હતી. જો કે, આ આંકડામાં ખાનગી તબીબોને ત્યાં, હોસ્પિટલોમાં લીધેલી હડકવાવિરોધી રસીની વિગતો સમાવિષ્ટ નથી. ઢોર ત્રાસ નિવારણ અધિકારી જાકાસણીયાએ જણાવ્યું કે વર્ષે સરેરાશ ૧૦ હજાર અને માસિક ૮૦૦થી ૯૦૦ લોકોને શ્વાન કરડવાના બનાવો નોંધાય છે.

શહેરમાં હાલ રખડતા શ્વાનોની સંખ્યા ૩૦ હજાર છે જે ગૌમાતા સહિત ઢોર કરતા ત્રણ ગણી છે અને તે કારણે હવે કડક પગલાના કારણે રખડતા ઢોરનો ત્રાસ તો મહદ્અંશે ઘટયો છે પરંતુ, રખડતા કૂતરાનો ત્રાસથી લોકો આજે પણ ત્રાહિમામ છે.

વડોદરાના બકરાવાડી વિસ્તારમાં નાણાની ઉઘરાણીમાં બે ભાઈઓ પર કાતરથી હુમલો

વડોદરા, વડોદરામાં બકરાવાડી રોહિત પોળમાં રહેતા ચિરાગભાઈ બાબુભાઈ પરમાર ગારમેન્ટની દુકાનમાં નોકરી કરે છે નવાપુરા પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે મારા કૌટુંબિકભાઈ કૈલાશ ચંદુભાઈ પરમાર રહેવાસી બકરાવાડી સોની વાડીએ જાંબુડીકૂઈ નાની માર્કેટની પાછળ રહેતા જીતેન્દ્ર હસમુખભાઈ ચાવડા પાસેથી ૨૦ હજાર રૂપિયા લીધા હતા. જે પૈસા તેઓને દર મહિને ૨૦૦૦ લેખેનો હપ્તો વ્યાજના ૧૦% લેખે ગણીને આપે છે. ગઈકાલે સાંજે ૬:૩૦ થી ૦૭:૦૦ વાગ્યાની આસપાસ જીતેન્દ્રભાઈ ચાવડા મારા ભાઈના ઘરે તેઓના નીકળતા પૈસા લેવા માટે ગયા હતા. પરંતુ મારા ભાઈ ઘરે ન હતા. મારા ભાઈને આ અંગેની જાણ થતા તેઓ જીતેન્દ્રભાઈ ચાવડાને કહેવા માટે તેમની ચાવડા ટેલર નામની દુકાને ગયા હતા અને કહ્યું હતું કે તમે ઘરે આવીને કેમ ગાળો બોલતા હતા અને શા માટે તમે મારા ઘરે ગયા હતા. જેથી મારા ભાઈ કૈલાશ અને જીતેન્દ્ર વચ્ચે બોલાચાલી થઈ હતી. હું ત્યાં નજીકમાં જ બેઠો હોય હું પણ ત્યાં ગયો હતો. જીતેન્દ્રએ મારા ભાઈ કૈલાસની ફેટ પકડી જપાજપી કરતા હોવાથી કૈલાશભાઈના માતા ગુલાબબેન છોડાવવા માટે વચ્ચે પડ્યા હતા. જીતેન્દ્રભાઈ ચાવડાની પત્નીએ તેમને ધક્કો મારી નીચે પાડી દીધા હતા.

આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના
શેર્સ ખોવાયેલની નોટિસ

આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ રજીસ્ટર્ડ ઓફિસ આઈસીઆઈસીઆઈ બેંક ટાવર, ચકલી સર્કલ પાસે, જુના પાદરા રોડ, વડોદરા, ગુજરાત- ૩૯૦૦૦૭ ખાતે છે.

આથી અહીં નોટિસ આપવામાં આવે છે, કે નીચેના શેર પ્રમાણપત્રો ખોવાઈ/ ખોટી રીતે મુકાઈ ગયેલ છે , અને કંપની તેના બદલે સમયાંતરે ડુપ્લીકેટ પ્રમાણપત્રો જારી કરવા માંગે છે. ઉપરોક્ત શેરના સંદર્ભમાં કોઈ પણ વ્યક્તિએ આ તારીખથી ૧૫ દિવસની અંદર કંપની પાસે તેની નોંધાયેલ ઓફિસ માં આવો દાવો નોંધાવવો જોઈએ.

શેરધારકનું નામ	ફોલિયો નં.	શેર્સની સંખ્યા	પ્રમાણપત્ર નં.(રો)	ડિસટીંક્ટીવ નં.(રો)
વિનોદ કેજરીવાલ	૧૦૧૫૯૮૯	૧૫૫	૧૪૫૮૭	૭૫૬૬૮૨૬-૭૫૬૬૯૮૦
	૧૦૧૫૯૮૯	૧૫	૧૭૪૯૦૭૨	૬૪૧૨૩૩૦૪૯૧-૬૪૧૨૩૩૦૫૦૫
	૧૦૧૮૩૫૭	૪૭૫	૧૬૭૭૪	૭૯૮૨૦૫૬-૭૯૮૨૫૩૦
	૧૦૧૮૩૫૭	૪૭	૧૭૪૯૨૩૨	૬૪૧૨૩૩૬૦૫૮-૬૪૧૨૩૩૬૧૦૪
		કુલ ૬૯૨		

સ્થળ : ગુજરાત, તારીખ : ૨૨.૦૩.૨૦૨૪

ICICI Home Finance

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ, આઈસીઆઈસીઆઈ, એચએફસી ટાવર, અંધેરી - કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૯, ઈન્ડિયા.

શાખા ઓફિસ : પહેલો માળ, ૧૦૧ અને ૧૦૨, એસપીજી એમ્પ્રેસા, એલજી શોરૂમની સામે, પાસપોર્ટ સેવા કેન્દ્રની પાછળ, મીઠાખળી છ રસ્તાની પાસે, નવરંગપુરા - ૩૮૦૦૦૯.

(નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ) સ્થાવર મિલકતના વેચાણ માટેની સુચના

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ અંતર્ગત સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ બેંકમાં ગિરવે મુકેલ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ - હરાજી વેચાણ નોટીસ. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સિકયોર્ડ લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો **સાંકેતિક કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ** અહીં આપેલી સંક્ષિપ્ત વિગતો મુજબ **"જેમ છે ત્યાં", "જેમ છે તે પ્રમાણે" અને "જે છે તે"** પર વેચવામાં આવશે.

ક્રમ નં.	ઉધારકર્તા/સહ-ઉધારકર્તા/ જામીનદારો/કાયદેસરના વારસદાર નું નામ લોન એકાઉન્ટ નંબર	જાણીતી બોજો સાથે સુરક્ષિત મિલકતની વિગતો જો કોઈ હોય તો	બાકી લ્હેણી રકમ	અનામત કિંમત --------- અર્નેસ્ટ મની ડીપોઝીટ	નિરીક્ષણની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય
(A)	(B)	(C)	(D)	(E)	(F)	(G)
1.	સિધ્ધાર્થ સમર (ઉધારકર્તા), ગર્ગી જૈન (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHAHZ00001341963 LHAHZ00001339821	તમામ ભાગ અને હિસ્સા સાથેનો રહેણાંક ફલેટનો બાંધકામ કરેલ મિલકતનો યુનિટ નં. ૫૦૧, પાંચમો માળ, બ્લોક - જે, જમીનનો બ્લોક નં. બી, સી, ડી, ઈ, એફ, જી, એચ, આઈ અને જે, રાધે ક્રિશન થી જાણીતી સ્કીમ, બીન ખેતીલાયક જમીનનો ફાઈનલ પ્લોટ નં. (૨૭૫/૧ + ૨ + ૩) ૧ + ૧૨૫/૨ (ફાળવેલ સંયુકત સર્વે નં. ૨૪૭ + ૧ + ૨૫૫ - ૧ + ૨ + ૨૫૬) પૈકી (ઉત્તર બાજુ) (સંયુકત જુનો રેવન્યુ સર્વે નં. ૨૪૭/૧, સર્વે નં. ૨૪૭/૨, સર્વે નં. ૨૫૫/૧, સર્વે નં. ૨૫૫/૨, સર્વે નં. ૨૫૬, સર્વે નં. ૮૪/૨ (દક્ષિણ બાજુએ), સર્વે નં. ૩૭૧, સર્વે નં. ૩૯૦ પૈકી (ઉત્તર બાજુએ), હવેનો સંયુકત ડ્રાફટ ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૧ (મહેમદાબાદ - ખાત્રજ), જે સ્થિત મોજે - મહેમદાબાદ, તાલુકો - મહેમદાબાદ, રજીસ્ટ્રેશન જીલ્લો - ખેડા, સબ જીલ્લો - મહેમદાબાદ.	રૂા. ૨૬,૫૭,૯૨૩/- ૧૯.૦૩.૨૦૨૪	રૂા. ૨૨,૩૨,૫૬૩/- ------ રૂા. ૨,૨૩,૨૬૦/-	૧૫.૦૪.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૨૩.૦૪.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી

ઓનલાઈન હરાજી અમારી ઓકશન એજન્સી ગ્લોબટેક ની વેબસાઈટ : **(URL Link-/ https://BestAuction Deal.com)** પર હાથ ધરવામાં આવશે. ગીરો / નોટીસને **તા. ૨૨.૦૪.૨૦૨૪ સુધી સાંજના ૫.૦૦ વાગ્યા પહેલા** ચડત વ્યાજ સાથે કુલ લેણાં ચુકવવાની છેલ્લી તક આપવામાં આવે છે, અન્યથા આ સુરક્ષિત અસ્કયામતો ઉપરોકત શિડયુલ મુજબ વેચવામાં આવશે.

સંભવિત બિડરોએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) આરટીજીએસ / ડીમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) (કોલમ ઈ નો સંદર્ભ), **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, પહેલો માળ, ૧૦૧ અને ૧૦૨, એસપીજી એમ્પ્રેસા, એલજી શોરૂમની સામે, પાસપોર્ટ સેવા કેન્દ્રની પાછળ, મીઠાખળી છ રસ્તાની પાસે, નવરંગપુરા - ૩૮૦૦૦૯, તા. ૨૨.૦૪.૨૦૨૪ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યા પહેલાં** મળે તેમ મોકલી આપવી. સંભવિત બિડરોએ **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, પહેલો માળ, ૧૦૧ અને ૧૦૨, એસપીજી એમ્પ્રેસા, એલજી શોરૂમની સામે, પાસપોર્ટ સેવા કેન્દ્રની પાછળ, મીઠાખળી છ રસ્તાની પાસે, નવરંગપુરા - ૩૮૦૦૦૯ ખાતે તા. ૨૨.૦૪.૨૦૨૪ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા પહેલા** મળે તેમ નોંધણી ફોર્મ અને બિડના નિયમો અને શરતોના ફોર્મની સહી કરેલી નકલ પણ સબમીટ કરવી. અર્નેસ્ટ મની ડિપોઝીટ ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) **મહેમદાબાદ** ખાતે ચુકવવાપાત્ર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ - ઓકશનની તરફેણમાં રાષ્ટ્રીયકૃત/અનુસૂચીત બેંકમાંથી હોવો જોઈએ.

હરાજીના નિરીક્ષણના નિયમો અને શરતો અથવા ટેન્ડર સબમીટ કરવા સંબંધી કોઈપણ વધુ સ્પષ્ટતા માટે કૃપા કરીને **૯૯૨૦૮૦૭૩૦૦ પર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ** અથવા અમારા સેલ્સ એન્ડ માર્કેટીંગ પાર્ટનર **NexXen સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમીટેડ** નો સંપર્ક કરો.

અધિકૃત અધિકારી કોઈપણ અથવા તમામ બિડને કોઈપણ વધુ કારણો આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને **https://www.icicihfc.com/** ની મુલાકાત લો.

તારીખ : ૨૨.૦૩.૨૦૨૪
સ્થળ : મહેમદાબાદ

અધિકૃત અધિકારી,
આઈસીઆઈસીઆઈસી હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Bank

બ્રાન્ચ ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ., ઓફિસનં ૨૦૧-બી, બીજે માળ, રોડનં ૧, પ્લોટ નં- બી ૩ વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર-૪૦૦૬૦૪.

આથી

સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્મ્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો સાંકેતિક કબ્જો લઈ લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	કરજદારોનું નામ / લોન એકાઉન્ટ નંબર	મિલ્કતની વિગત / સાંકેતિક કબ્જાની તારીખ	ડિમાંડ નોટીસની તારીખ/ ડિમાંડ નોટીસની રકમ (રૂ)	શાખાનું નામ
૧.	મોહનરાજ સેનગુંધર અને જયાબાલન સુબ્રમણી મુદલિયાર- LBABD00005625767	ફ્લેટ નં. ૧૦૨, ૧લો માળ, બ્લોક એચ, શરણમ એલીગેન્સ, કર્ણાવતી એન્ક્લેવની પાસે, એસ. નં. ૫૫૦, ટીપીએસ નં.૧૦૮,એફબી નં. ૮૬, દૂન સ્કુલ રોડ, ન્યુ મણિનગર, રામોલ, અમદાવાદ- ૩૮૦૦૦૮/૧૯ માર્ચ, ૨૦૨૪.	૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ રૂ. ૩૧,૦૪,૬૧૩.૪૨/-	અમદાવાદ.
૨.	પન્નાબેન જિગ્નેશભાઈ પંચાલ અને જિગ્નેશભાઈ બાલુભાઈ પંચાલ- LBBRH00005078458.	મિલકત ૧) શૉપ નં. એફ-૨૭, ૧લો માળ, ગણેશ સ્કેવર કૉમર્શિયલ કોમ્પ્લેક્ષ કૉ- ઑપ હાઉસિંગ સોસાયટી લિ., ગણેશ પાર્ક ૩, રેવેન્યુ સર્વે નં.૨૪૩, ૨૪૪, પ્લોટ નં. ૬૦૮ અને ૬૧૩, સબ પ્લોટ નં. ૨/એ, ભડકોદરા, ભરૂચ, અંકલેશ્વર- ૩૯૩૦૦૧ મિલકત ૨) શૉપ નં. એફ-૨૮, ૧લો માળ, ગણેશ સ્કેવર કૉમર્શિયલ કોમ્પ્લેક્ષ કૉ- ઑપ હાઉસિંગ સોસાયટી લિ., ગણેશ પાર્ક ૩, રેવેન્યુ સર્વે નં.૨૪૩, ૨૪૪, પ્લોટ નં. ૬૦૮ અને ૬૧૩, સબ પ્લોટ નં. ૨/એ, ભડકોદરા, ભરૂચ, અંકલેશ્વર- ૩૯૩૦૦૧/ ૧૯ માર્ચ, ૨૦૨૪.	૦૪ ડિસેમ્બર, ૨૦૨૩ રૂ. ૨૬,૧૨,૭૭૨.૯૯/-	ભરૂચ.
૩.	મુકેશ કુમાર અને કિરણ રાય અને મનિષ કુમાર રાય- LBAHR00005868841.	પ્લોટ નં. ૨, તુલસી વિલા રેસીડેન્સી, વર્ધમાન રેસીડેન્સી પાસે, બ્લોક/આરએસ નં. ૬૧૬, (જુનો આરએસ નં. ૧૨૧/૩), અણદડા, ભરૂચ, અંકલેશ્વર- ૩૯૩૦૦૩/૧૯ માર્ચ, ૨૦૨૪.	૧૬ નવેમ્બર, ૨૦૨૩ રૂ. ૧૬,૨૯,૦૨૨/-	અંકલેશ્વર.
૪.	વિનોદ ચંદ્રસિંધ ગિરાસે અને સુલભા વિનોદ ગિરાસે- LBBRH00005460887	પ્લોટ નં.બી-૩૦, ગ્રાઉન્ડ ફ્લોર, તુલસી રેસીડેન્સી, વાલિયા રોડ, મૌજે- કોસામ્ડી, અંકલેશ્વર, બ્લોક/ સર્વે નં. ૮૦, ખાતા નં. ૫૬૮, અંકલેશ્વર- ૩૯૩૦૦૧/૧૯ માર્ચ, ૨૦૨૪.	૦૭ નવેમ્બર, ૨૦૨૩ રૂ. ૧૦,૪૪,૩૦૧/-	ભરૂચ.
૫.	પિથવા વૈશાલીબેન મહેશભાઈ અને પિથવા મહેશભાઈ બાબુભાઈ - LBBRH00005514928	ફ્લેટ-૩૦૨, ૩જો માળ, વિશ્વમ કોમ્પ્લેક્ષ, જલારામ પાઈપ્સ ઝડેશ્વર, આરએસ નં. ૧૫૭/૧, ૧૫૮/૨+૪, પ્લોટ નં. ૪, એસપી નં. ૧ અને ૨૧, ઝડેશ્વર, ભરૂચ- ૩૯૨૦૦૧/૧૯ માર્ચ, ૨૦૨૪.	૦૭ નવેમ્બર, ૨૦૨૩ રૂ. ૫,૩૩,૪૦૫/-	ભરૂચ.

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ,૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ૨૨ માર્ચ, ૨૦૨૪
સ્થળ : ગુજરાત.

ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ